Formatted: Left: 1", Right: 1"

*અલ્લાહના નામ પર, જે સૌથી વધુ પરોપકારી છે, સૌથી વધુ દયાળુ છે*
*તે એ છે કે જેણે શ્રેષ્ઠ આચરણ માટે તમારામાં સહ સ્પર્ધાને પ્રોત્સાહન આપવા ઝન્નત અને પૃથ્વીનું સર્જન કર્યું છે*

હજ ફંડ ઓફ ઇન્ડિયા™

(ઝકાત ફાઉન્ડેશન ઓફ ઇન્ડિયા- રજિસ્ટર્ડ ટ્રસ્ટનું એકમ)

દુનિયાના કેટલાક મુસ્લિમો ક્યારેય હાજી નથી બની શકતા. હંમેશા એવું બને છે કે, માત્ર પસંદગીના કેટલાક લોકો જ હજ કરી શકે છે. તે અલ્લાહના કાયદા મુજબ છે. તમે પણ 'પસંદગીના કેટલાક લોકો'માં સ્થાન પામવા સર્જનાત્મક રીતે મહેચ્છા રાખી શકો છો.

**HFI હજ માટે બચત કરવાની અને આ બચતને ધર્મનિષ્ઠ રીતે રિબા-મુક્ત સુરક્ષામાં સલામત કરવાની તમારી મૂળભૂત ધાર્મિક જરૂરિયાત સંતોષવા કાર્યરત છે.**

હજના ખર્ચાઓ વર્ષે-વર્ષે વધી રહ્યાં છે. સરેરાશ, એક મુસ્લિમને હજ માટેના ખર્ચ જેટલી બચત કરવા માટે સાતથી આઠ વર્ષનો સમય લાગે છે. આ સમયગાળા દરમિયાન આપણે ભારતીય મુસ્લિમો ઘણીવાર બિનપદ્ધતિસર અને પ્રણાલીગત રીતે નાણા બચાવીએ છીએ. આપણામાંથી ઘણા લોકો માને છે કે, બિસ્તર કે તકીયા હેઠળ મૂકેલા કે કૂંડામાં મૂકેલા અથવા બેન્ક લોકરમાં મૂકેલા નાણા સલામત છે અને બચતની આવી પદ્ધતિઓ રિબા મુક્ત પણ છે.

આપણામાંથી મોટા ભાગના લોકોને તે સુનિશ્ચિત કરવા આ બચતોને પરંપરાગત બેન્કિંગ સિસ્ટમમાં મૂકવી નથી ગમતી કે, આપણી ધર્મનિષ્ઠ બચતોનો શરિયામાં પ્રતિબંધિત છે તેવી વ્યાજ આધારિત વાણિજ્યિક પ્રવૃત્તિમાં ઉપયોગ ના થાય. તેમ છતાં, આધુનિક સમયમાં તમારી બચતની સલામતી બેન્ક સિવાય અન્ય કોઇ પણ સ્થળે સંપૂર્ણપણે ખાતરીબદ્ધ નથી. આ એક વિરોધાભાસ છે.

**સામાજિક ઉન્નતિને સમર્પિત હજ બચત**

જો આપણે હજ માટે વ્યક્તિગત રીતે બચત કરતા રહીએ તો આપણને જણાશે કે એક જંગી રકમ સ્થગિત રહે છે અને તે કોઇ આર્થિક પ્રવૃત્તિ પેદા કરતી નથી. આ બાબત ઇસ્લામિક ભાવનાની વિરુદ્ધમાં છે. હજ માટે ભંડોળ ઊભું કરવા માટે લોકો જમીન અને મિલકત વેચતા પણ જોવા મળે છે. તે પણ વ્યક્તિ અથવા મિલ્લતની આર્થિક વૃદ્ધિમાં કોઇ યોગદાન આપતું નથી.

**હજ ફંડ ઓફ ઇન્ડિયા આ સમસ્યાનો યોગ્ય એક એવો ઉકેલ લાવ્યું છે જેમાં તમે હજ માટે બચત કરવાની સાથે તમારું *સવાબ*પણ વધારી શકો છો.** તે ધર્મનિષ્ઠ ઉદ્દેશ માટે તમારી બચતને સલામત રાખવા માટે સર્વિસ એજન્સી તરીકે કામ કરે છે. આ સેવાએ કાનૂની માન્યતા પ્રાપ્ત કરેલી છે.

કોઇ પણ ભારતીય મુસ્લિમ HFIમાં તેનું અથવા તેણીનું હજ એકાઉન્ટ ખોલાવી શકે છે. આ હજ એકાઉન્ટમાં હજારના ગુણાંકમાં કોઇ પણ સમયે થાપણ મૂકી શકાય છે. જેમકે, 1,000, 2,000, 3,000, 4,000, 5,000, વગેરે ... અથવાવધુ. તેમાં કોઇ સર્વોચ્ચ મર્યાદા નથી. તમે ઇચ્છો તેટલા હપતા જમા કરાવી શકો છો અને તમે આ તમારી સાનુકૂળતાએ કરી શકો છો.

**હજ ફંડ ઓફ ઇન્ડિયામાં નાણા જમા કરાવવા**

તમારે "હજ ફંડ ઓફ ઇન્ડિયા એકાઉન્ટ નંબર 603020110000239, બેન્ક ઓફ ઇન્ડિયા"ની તરફેણમાં તમારા નાણાનો બેન્ક ડ્રાફ્ટ મેળવવો પડે છે અથવા “A/C Payee”ચેક લખવો પડે છે. તમે તેને દેશમાં ક્યાંય પણ બેન્ક ઓફ ઇન્ડિયાની કોઇ પણ શાખામાં જમા કરાવી શકો છો.

તમારે ડ્રાફ્ટ/ચેક પાછળ તમારું આખું નામ, સરનામું અને ફોન નંબર, જો કોઇ હોય તો, લખવું જ જોઇએ. કૃપા કરીને ડ્રાફ્ટ/ચેકની બે નકલ બનાવો. આમ કર્યા બાદ, કૃપા કરીને એકાઉન્ટ ખોલવા માટેનું ફોર્મ (HFI-A) ભરો અને તેને તમારા ડ્રાફ્ટ અથવા ચેકની સાથે સ્પીડ પોસ્ટ અથવા રજિસ્ટર્ડ પોસ્ટ મારફતે નીચેના સરનામે મોકલોઃ **CEO, હજ ફંડ ઓફ ઇન્ડિયા,CISRSહાઉસ, 14 જંગપુરા B, મથુરા રોડ, નવી દિલ્હી 110014.**

**હજ ફંડ ઓફ ઇન્ડિયામાંથી નાણા ઉપાડવાઃ**

તમારા એકાઉન્ટમાંથી નાણા ઉપાડવા બાબતે, તમે જ્યારે હજ પર જઇ રહ્યાં હો ત્યારે તે ખુબ જ સરળ છે.

તમારે ફોર્મ HFI-Bમાં એક અરજીઅમને ટપાલથી મોકલવાની હોય છે અથવા હાથો હાથ આપવાની હોય છે. અમે તમારા નામે અથવા હજ કમિટીના નામે અથવા તમારા ટ્રાવેલ એજન્ટના નામે તમને ચેક અથવા પે ઓર્ડર આપીશું. તે તમારી પસંદગી છે. તે તમને સ્પીડ પોસ્ટ અથવા રજિસ્ટર્ડ પોસ્ટ દ્વારા મોકલવામાં આવશે અથવા તમે રૂબરૂ પણ મેળવી શકો છો.

**સમુદાયના લાભ માટે હજ ફંડ ઓફ ઇન્ડિયાનો ઉપયોગ કરવોઃ**

**HFI શરિયા એડવાઇઝરી કાઉન્સિલ ધરાવે છે**(see complete list ) જે તેને નાણાકીય બાબતોમાં તેને સલાહ આપે છે અને તેના પર દેખરેખ રાખે છે. તે શરિયાની માર્ગદર્શિકાને સુસંગત બહુમુખી રોકાણ પ્રોજેક્ટોને લક્ષ્ય બનાવે છે.

હજ ફંડ ઓફ ઇન્ડિયાના કેટલાક ભાગનો ગરીબ મુસ્લિમોને ટૂંકા ગાળાની માઇક્રોફાઇનાન્સ લોન આપવા માટે ઉપયોગ થાય છે. દાખલા તરીકે, એક રિક્ષાચાલક (તેના માલિકને રિક્ષાનું દરરોજ ભાડું ચુકવવાના સ્થાને) એક રિક્ષા ખરીદે છે. આ બચતમાંથી તે હજ ફંડ ઓફ ઇન્ડિયાને છ મહિનાના સમયગાળામાં (વ્યાજ વગર) લોન પુનઃ ભરપાઇ કરે છે.

આમ, છ મહિનાની અંદર લોનની રકમ રિક્ષાચાલકને આર્થિક રીતે સક્ષમ બનાવ્યા બાદ પાછી આવે છે.

થાપણ પર પણ, HFI થાપણદારો વતી ઝકાત ફાઉન્ડેશન ઓફ ઇન્ડિયા નામની તેની મુખ્ય સંસ્થાને ઝકાતની ચૂકવણી કરે છે.

ખાતાધારક તે વાતનો વધારાનો સંતોષ માની શકે છે કે, HFI થાપણદારોના એકાઉન્ટમાંથી એકત્ર થયેલી ઝકાત મારફતે નોંધપાત્ર સમાજ સેવા કરે છે. આ રકમનો ઝકાત ફાઉન્ડેશન ઓફ ઇન્ડિયા મારફતે કુરાનમાં વર્ણવેલી ચોક્કસ શ્રેણીઓ મુજબ જરૂરિયાતમંદોને મદદ કરવા માટે ઉપયોગ થાય છે.

આમ, તમારી હજ બચતની પવિત્રતા વધે છે અને તમે હજ કરવા માટે ઇન્સાઅલ્લાહ વધુ *સવાબ* મેળવો છો.
કોઇ પણ કિસ્સામાં હજનો વ્યાપક ઉદ્દેશ- "વ્યક્તિ કરતા કોમ વધુ મહત્ત્વની છે"- યોગ્ય રીતે સંતોષાય છે અને તમારા માટે જીવનમાં ભવિષ્યમાં ઊચ્ચ સ્થાન અનામત રાખો છો.

HFI ભારતીય મુસ્લિમોને નાની ઉંમરથી બચત શરૂ કરવા પણ પ્રોત્સાહિત કરે છે જેથી તેઓ જ્યારે મોટા થાય ત્યારે યાત્રા પર જઇ શકે. ભારતીય મુસ્લિમ સમાજના તમામ ભાગ ગૌરવ અનુભવે છે જ્યારે તેઓ યાત્રાના ઇરાદા ('આઝમ-એ-હજ) તરીકે HFIમાં એકાઉન્ટ ધરાવે છે.

સમગ્ર ઇતિહાસમાં 'હજ અર્થતંત્ર' સમૃદ્ધિનો સ્રોત રહ્યું છે. આજના વૈશ્વિક અર્થતંત્રમાં હજ સાથે જોડાયેલી કુશળતા- જો વ્યૂહાત્મક રીતે પ્રોત્સાહિત કરવામાં આવે તો- સામુદાયિક ઉન્નતિનો સ્રોત પણ બની શકે છે.

HFI એ ઇસ્લામિક ઉપદેશોનો આજની આધુનિક દુનિયામાં કેવી રીતે અમલ કરી શકાય છે અને અમલ કર્યા બાદ તે લોકો અને ઉમ્માહ માટે કેવી રીતે ઉપયોગી અને લાભકારક રહી શકે છે
તેના ઉદાહરણો પૈકીનું એક ઉદાહરણ છે.

**હજ ફંડ અંગે વિગતોઃ**

**ઉર્દૂ:** હજ ફંડની નીતિઓ click here >

**અંગ્રેજીઃ** હજ ફંડની નીતિઓ click here >

**હજ ફંડ ઓફ ઇન્ડિયાનું એકાઉન્ટ કેવી રીતે ખોલાવવું:**

કૃપા કરીને here >પર ઉપલબ્ધ અમારું 'એકાઉન્ટ ખોલવા માટેનું ફોર્મ' ડાઉનલોડ કરો અને ભરો. ફોર્મ ભરો અને તેને સ્પીડ પોસ્ટ અથવા રજિસ્ટર્ડ પોસ્ટ મારફતે યાદીમાં આપેલા સરનામા પર મોકલો. તમારો ચેક અથવા બેન્ક ડ્રાફ્ટ બેન્ક ઓફ ઇન્ડિયાની કોઇ પણ શાખામાં જમા કરાવેલો હોવો જોઇએ. **તમામ શાખાઓની યાદી**clicking here >પરથી મેળવી શકાય છે.

*'હજ ફંડ ઓફ ઇન્ડિયા' ભારતીય ટ્રેડમાર્ક એક્ટ હેઠળ **ટ્રેડમાર્ક** ધરાવે છે.

કોઇ સવાલ છે? કૃપા કરીને આ સરનામે ઇમેઇલ કરો hajfundofindia@zakatindia.org

(અપડેટેડ 4/10)

**"હજ કમિટી ઓફ ઇન્ડિયા**સમુદાયના લાભ અને યાત્રા ઇચ્છુકોની બચતની ધર્મનિષ્ઠ રીતે રિબા-મુક્ત સુરક્ષાની સલામતી માટે **હજ ફંડ ઓફ ઇન્ડિયા**ના નામે અલગ એકમ રચવાના વિચારની ચોક્કસ કદર કરે છે..."

"આ યોજનાનો પ્રેસ અને ઇલેક્ટ્રોનિક મિડિયા મારફતે વ્યાપક પ્રચાર કરવો જોઇએ."

હજ કમિટી ઓફ ઇન્ડિયા

(પત્ર GEN/2010/1055,તારીખ 22 એપ્રિલ, 2010)